**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

**(૧) કમલાબાગ પો.સ્ટે.** ઃ- નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી જુનાગઢ રેન્જ, પોરબંદર પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદની સુચના મુજબ નાયબ પોલીસ અધિક્ષકશ્રી પોરબંદર શહેર તથા કમલાબાગ પોલીસ સ્ટેશનના પી.આઇ. શ્રી કે.વી.ચુડાસમાનાં માર્ગદર્શન હેઠળ કમલાબાગ પોલીસ સ્ટેશનમાં પ્રાથમીક હકીકત આધારે ગુમ થયેલઃ-

**(૧)** અભિષેક ધર્મેશભાઇ સોદરવા, ઉ.વ.૧૭, રહે. જુથડ ગામ તા.કેશોદ, જી.ગીર સોમનાથ વાળો છાત્રોડા ગામે આવેલ હોસ્ટેલમાં અભ્યાસ કરતો હતો જે પોતાના મમ્મી પપ્પા સાથે આગળના અભ્યાસ માટે ઝગડો કરી તા.૦૯/૦૬/૨૦૨૨ ના બપોર પછી હોસ્ટેલે થી કોઇને કહ્યા વગ કયાંક ચાલ્યો ગયેલ હોય જેની પો.સ્ટે.ઓ શ્રી તરફ થી સર્વલન્સ સ્કવોડ તથા નાઇટના માણસોને વર્ધી આપેલ કે, સદરહુ ગુમ થયેલ બાળક પોરબંદર આવેલ હોય જેથી તપાસમાં રહેવુ તેમ જણાવતા કમલાબાગ પોલીસ સ્ટેશનનમા પી.સી.આર ઇન્ચાર્જ પો.કોન્સ રવી અરજનભાઇ તથા ભીમશીભાઇ પરબતભાઇ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તપાસ કરતા હતા આ દરમ્યાન પોરબંદર બસ સ્ટેન્ડે આવતા રાત્રી કલાક-૦૨/૩૦ વાગ્યે સદરહુ ગુમ થયેલ બાળક મળી આવતા તેના સંબંધી- હીતેષભાઇ ભીમજીભાઇ ડોડીયા રહે. છાંયા પોરબંદરવાળાને સોંપી આપેલ હોય જેથી ધર્મેશભાઇ સોદરવાના ઘરના સભ્યોએ પોરબંદર પોલીસનો ખુબજ આભાર માનેલ છે.

**(૨)** તા.૦૪/૦૬/૨૦૨૨ ના રોજ સર્વલન્સ સ્કવોડના પો.કોન્સ અક્ષયભાઇ તથા વિરેન્દ્રસીંહ પેટ્રોલિંગમા હતા દરમ્યાન રાત્રીના કલાક -૦૨/૦૦ વાગ્યાના સમયે પોરબંદર રેલ્વે સ્ટેશન રોડ પર આવતા એક માનસીક અસ્વસ્થ વ્યકિત મળી આવેલ હોય અને પોતે બોલી શકતો ન હોય જેથી તેને કમલાબાગ પોલીસ સ્ટેશને લાવી તેને ચેક કરતા તેના ખીસ્સા માંથી એક ચીઠ્ઠી નીકળેલ અને તેમાં કીશનગંજ બીહાર રાજયના ડોકટરશ્રી અજમલના લેટરપેડ ઉપર દવા લખેલ કેસ હોય તેમાં ડોકટરશ્રીના મોબાઇલ નંબર- ૯૯૫૫૨ ૨૦૭૨૩ હોય જેથી ડોકટરશ્રીનો કોન્ટેક કરી હકીકત જણાવી સદરહુ વ્યકિતનો ફોટો મોકલી તેમના પરીવાર અંગેની માહિતી પુછતા ડોકટર તેના પરીવારના સભ્યોને ઓળખતા હોય જેથી તેના પરીવારના સભ્યોને કોન્ટેક કરાવતા જાણવા મળેલ છે કે, ગુમ થયેલ વ્યકિતનુ નામ- લવ કીશુન ભોલા રષીદેવ રહે. બારબસીયા વોર્ડ નં.૧૦ કિશનગંજ બીહાર વાળો હોવાનુ જણાવેલ અને પોતે માનસીક રીતે અસ્થિર હોય જેથી ટ્રનમાં બેસી અહી પોરબંદર આવી ગયેલાનુ જણાવેલ હોય જેથી લવ કીશુનને નવડાવી, નવા કપડા પહેરાવી, ભોજન કરાવી સારી રીતે પાંચ દિવસ સાર સંભાળ રાખવામાં આવેલ હતી અને તા.૧૦/૦૬/૨૦૨૨ ના રોજ લવ કીશુનના કાકા-સીયારામ રષીદેવ રહે. બારબસીયા વોર્ડ નં.૧૦ કિશનગંજ બીહાર વાળાઓ કમલાબાગ પોલીસ સ્ટેશનમાં આવતા લવ કીશુનને બતાવતા એક બીજાને ઓળખી ગયેલ હોય જેથી તેની પાસેથી જરૂરી ઓળખ અંગેના ડોક્યુમેન્ટ મેળવી લવ કીશુનને તેના કાકા ભાઇ સીયારામ રષીદેવ ને સોંપી આપેલ હોય જેથી સીયારામ રષીદેવના ઘરના સભ્યોએ પોરબંદર પોલીસનો ખુબજ આભાર માનેલ છે. પો.ઇન્સ.શ્રી કે.વી.ચુડાસમા, એ.એસ.આઇ. આર.પી.જાદવ, વી.એસ.આગઠ, બી.એલ.વિંઝુડા, પો.હેડ.કોન્સ બી.કે.ગોહીલ તથા પો.કોન્સ. ભીમશીભાઇ, રવિભાઇ, કનકસિંહ, વિરેન્દ્રસીંહ, અક્ષયભાઇ વિગેરે પોલીસ સ્ટાફ કામગીરીમાં જોડાયેલ હતા.

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય :-**

(૧) ઉદ્યોગનગર પો.સ્ટે. તા.૧૧/૦૬/૨૨ ના રોજ ઉદ્યોગનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧૮૦૧૦૨૨૦૨૨૧/૨૦૨૨ **IPC** ક.૩૨૩, ૪૨૭, ૩૪૨, ૩૬૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ G.P.Act. ક.૧૩૫ મુજબનો ગુન્હો રજીસ્ટર થયેલ હોય, જેમા આ કામના ફરીયાદીએ પોતાની ફરીયાદ હકીકત જાહેર કરેલ કે, આ કામના આરોપી નં(૧) ને પોતાની સાથે ટ્રકના હીશાબ અંગે મનદુઃખ હોય તેના કારણે આરોપી નં.(૧) નાએ પોતાને તથા સાહેદ સમીર હોટલ પર ગાડીમાં બેસેલ હતાં. ત્યાં આવી ગાડીના કાચમાં ધોકો મારી કાચ તોડી નાખી નુકશાન કરી પોતાને ઇજા કરી તેમજ આરોપી નં.(૧) તથા (૩) નાએ પોતાને તથા સાહેદને તેનીજ કારમાં બળજબરીથી અપહારણ કરી આરોપી નં.(૧) ની વાડીએ લઇ જઇ ત્યાંથી આરોપી નં(૩) તથા (૪) એમ બધાએ મળી પોતાને આરોપી નં.(૧)ના બાબળા નજીક આવેલ ખેતરે લઇ જઇ ગેરકાયદેસર અટકાયતમાં રાખી પોતાને ઢીકા પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી પોરબંદરના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કર્યા બાબતેનો ઉપરોક્ત ગુન્હો રજીસ્ટર થયેલ હોય અને સદરહુ ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ સમય સુચકતા વાપરી પો.સબ.ઇન્સ.શ્રી એસ.એ.સોલંકી તથા સર્વેલન્સ સ્ટાફના માણસોએ સદરહું ગુન્હાના આરોપી નં.(૧) રામ કાનાભાઇ બોખીરીયા ઉ.વ.૨૮ રહે.બોખીરા મઢુલી પાનની પાછળ પોરબંદર તથા (૨) જયેશ કારાભાઇ બાપોદરા

ઉ.વ.૨૨ રહે. બાપોદર ગામ ઉગમણુ ફળીયું તા.રાણાવાવ જી.પોરબંદર વાળાઓને સત્વરે હસ્તગત કરી તેમના કોરોના રીપોર્ટ કરાવી તા.૧૨/૦૬/૨૨ ના રોજ ઉપરોક્ત ગુન્હાના કામે ધોરણસર અટક કરવામા આવેલ છે અને બાકી રહેલ આરોપીઓની શોધ-ખોળ ચાલુ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરી :-**

**(૧) કમલાબાગ પો.સ્ટે.ઃ-** પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરની સુચના મુજબ પોરબંદર શહેરના ડી.વાય.એસ.પી. શ્રી આર.એન.રાઠવા તથા કમલાબાગ પોલીસ સ્ટેશનના પો.ઇન્સ.શ્રી ના માર્ગદર્શન હેઠળ કમલાબાગ સી-ટીમ દ્વારા તા.૧૧,૧૨/૦૬/૨૦૨૨ ના રોજ ચોપાટી પેટ્રોલીંગ કરી મહીલાઓ તેમજ વૃધ્ધો સાથે મુલાકાત કરી તેઓને કોઇ તકલીફ પડે તો ૧૦૦ નંબર તેમજ અન્ય હેલ્પલાઇનની માહીતી આપી.

**(૨) હાર્બર મરીન પો.સ્ટેઃ-** જાવરગામ તેમજ સુભાષનગર વિસ્તારમાં આવેલ સીલવર સી ફુડ કંપનીમા કામ પરથી મોડી રાત્રીના છુટતી મહિલાઓની મુલાકાત થતા માર્ગદર્શન તેમજ કામકાજના સ્થળેથી અવવા-જવામા મુશ્કેલી હોય તો સી-ટીમ તથા ૧૦૦ નંબર પર જાણ કરવા જરૂરી માર્ગદર્શન તેમજ સીનીયર સીટીજનની મુલાકાત લીધેલ છે.

જે આપશ્રીને વિદિત થાય.

(ભરત પટેલ)
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર